# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 07-04-2026** **MIDDAY: 1.20 TO 1.30**
**Day : TUESDAY** **National News**

આકાશવાણી સમાચાર **બકુલા પરમાર** વાંચે છે.

***************************************************

1) સરકારે સ્થળાંતરિત શ્રમિકો માટે પાંચ કિલો LPG સિલિન્ડરોની દૈનિક ફાળવણી બમણી કરવાનો નિર્ણય લીધો

2) આસામ, કેરળ અને કેન્દ્રશાસિત પ્રદેશ પુડુચેરીમાં વિધાનસભા ચૂંટણી માટે પ્રચાર પડઘમ સાંજે શાંત થશે

3) ચૂંટણી પંચે પશ્ચિમ બંગાળમાં SIRના ભાગ રૂપે ન્યાયિક સમીક્ષા હેઠળના મતદારોની સંપૂર્ણ યાદી જાહેર કરી

4) ખાદ્ય સુરક્ષા સુનિશ્ચિત કરવી અને ખેડૂતોની આવક વધારવી એ સરકારની ટોચની પ્રાથમિકતા હોવાનું જણાવતા કેન્દ્રીય કૃષિમંત્રી

5) ઇઝરાયેલે ઇરાનના ઉર્જા માળખા પર હુમલો કરતા પશ્ચિમ એશિયામાં તણાવ વધ્યો

6) IPL ક્રિકેટમાં, આજે ગુવાહાટીમાં રાજસ્થાન રોયલ્સ અને મુંબઈ ઈન્ડિયન્સ વચ્ચે મુકાબલો

..........................................................................(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

હવે પછી આપ બે વાગીને 30 મિનિટે પ્રાદેશિક સમાચાર સાંભળી શકશો...

# GOVT- LPG-DOUBLE

સરકારે સ્થળાંતરિત શ્રમિકો માટે પાંચ કિલોના LPG સિલિન્ડરોની દૈનિક ફાળવણી બમણી કરવાનો નિર્ણય લીધો છે. પેટ્રોલિયમ અને કુદરતી ગેસ મંત્રાલયના સચિવ ડૉ. નીરજ મિત્તલે આ સંદર્ભમાં તમામ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોના મુખ્ય સચિવોને પત્ર લખ્યો છે. તેમણે કહ્યું કે, આ પાંચ કિલો LPG સિલિન્ડર રાજ્ય સરકારો અને તેમના ખાદ્ય અને નાગરિક પુરવઠા વિભાગોને ફક્ત ડતેમના રાજ્યમાં સ્થળાંતરિત શ્રમિકોને ઉપલબ્ધ કરાવશે.

પેટ્રોલિયમ મંત્રાલયે જણાવ્યું હતું કે, આ ફાળવણી સ્થળાંતરિત શ્રમિકોને પૂરા પાડવામાં આવતા સિલિન્ડરના સરેરાશ દૈનિક પુરવઠા પર આધારિત હશે. ઉલ્લેખનીય છે કે ગત 23 તારીખથી લગભગ 6 લાખ 75 હજાર જેટલા પાંચ કિલોના LPG સિલિન્ડરનું વિતરણ કરાયું છે.

# ELECTION

આસામ, કેરળ અને કેન્દ્રશાસિત પ્રદેશ પુડુચેરીમાં વિધાનસભા ચૂંટણી માટે પ્રચાર આજે સાંજે સમાપ્ત થઈ રહ્યો છે. પ્રચારના અંતિમ કલાકોમાં, વિવિધ રાજકીય પક્ષોના ટોચના નેતાઓ મતદારોને રિઝવવા પ્રયાસ કરી રહ્યાં છે

આસામના પથરકાંડીમાં એક ચૂંટણી સભાને સંબોધતા ભાજપના વરિષ્ઠ નેતા અને કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે કહ્યું કે જો ભાજપ પશ્ચિમ બંગાળમાં સત્તામાં આવશે તો તમામ ઘુસણખોરોને તેમના દેશોમાં પરત મોકલશે. શ્રી શાહે કોંગ્રેસ પર કેટલાક આક્ષેપ પણ કર્યા હતા.

(BYTE: અમિત શાહ)

દરમિયાન કેરળમાં, રાજકીય પક્ષો મતદારોને આકર્ષવા માટે અંતિમ પ્રયાસમાં રાજ્યભરમાં ચૂંટણી સભાઓ અને રોડ શો કરી રહ્યા છે. કોંગ્રેસના વરિષ્ઠ નેતાં પ્રિયંકા ગાંધી વાડ્રાએ પણ આજે સવારે કાલપેટ્ટામાં એક ચૂંટણી સભાને સંબોધતાં LDF સરકાર પર આકરા પ્રહારો કર્યા હતા.

જ્યારે પુડુચેરીમાં, ભાજપના વરિષ્ઠ નેતા અને કેન્દ્રીય મંત્રી જે. પી. નડ્ડા અને ડીએમકે નેતા ઉદયનિધિ સ્ટાલિન સહિતના નેતાઓ આજે ચૂંટણી પ્રચારમાં જોડાશે.

# WB-VOTER LIST

ચૂંટણી પંચે પશ્ચિમ બંગાળમાં મતદાર યાદીની ખાસ સઘન સુધારણા -SIRના ભાગ રૂપે ન્યાયિક સમીક્ષા હેઠળના મતદારોની સંપૂર્ણ યાદી જાહેર કરી છે. પ્રથમ વખત, જિલ્લાવાર વિગતો પ્રકાશિત કરવામાં આવી છે, જેમાં મતદારોને પાત્ર અથવા અપાત્ર મતદાર તરીકે ચિહ્નિત કરાયા છે.

અહેવાલ મુજબ, 60 લાખથી વધુ નામોની ચકાસણી કરવામાં આવી જેમાંથી 32 લાખથી વધુ મતદારોને પાત્ર જ્યારે આશરે 27 લાખ મતદારોને અયોગ્ય જાહેર કરાયા છે.

મુર્શિદાબાદમાં સૌથી વધુ 4 લાખ 55 હજાર મતદારોને યાદી માંથી બાકાત રખાયા છે. પંચે સ્પષ્ટતા કરી કે મતદાર યાદી પ્રકાશિત કરતા પહેલા દરેક કેસની કાળજીપૂર્વક તપાસ કરવામાં આવી હતી. ઉલ્લેખનીય છે કે સર્વોચ્ચ અદાલતના નિર્દેશો અનુસાર, ગેરલાયક ઠરેલા મતદારો પુનર્વિચાર માટે ન્યાયિક ટ્રિબ્યુનલ સમક્ષ અપીલ કરી શકે છે.

# TN-SCRUTINY

તમિળનાડુમાં, વિધાનસભા ચૂંટણી માટે આજે કુલ 7 હજાર 454 ઉમેદવારીપત્રોની ચકાસણી હાથ ધરાશે. ગુરુવારે ઉમેદવારીપત્રો પરત ખેંચવાનો અંતિમ દિવસ છે. કરુર વિધાનસભા મતવિસ્તારમાં સૌથી વધુ 108 ઉમેદવારીપત્રો ભરાયા છે. દરમિયાન રાજ્યમાં ચૂંટણી પ્રચાર વેગવાન બની રહયો છે.

તમિળનાડુની તમામ 234 વિધાનસભા બેઠકો માટે આગામી 23 તારીખે મતદાન યોજાશે.

# I&B - BARC

માહિતી અને પ્રસારણ મંત્રાલયે ભારતની ટેલેવિઝન દર્શકોની સંખ્યા માપતી સંસ્થા બ્રોડકાસ્ટ ઓડિયન્સ રિસર્ચ કાઉન્સિલ BARCને ચાર અઠવાડિયા માટે ન્યૂઝ ટીવી ચેનલોને ટેલિવિઝન રેટિંગ પોઈન્ટ્સ TRP નું રિપોર્ટિંગ રોકવાનો નિર્દેશ આપ્યો છે. પશ્ચિમ એશિયા સંઘર્ષ વચ્ચે કેટલીક ન્યૂઝ ચેનલો દ્વારા બિનજરૂરી સનસનાટીભર્યા અને અન્ય સામગ્રીના પ્રદર્શનને રોકવા માટે આ નિર્ણય લેવાયો છે. મંત્રાલયે કહ્યું કે, આવા કવરેજથી સામાન્ય લોકોમાં તણાવ વધી શકે છે.

# FARMERS-WELFARE

કેન્દ્રીયકૃષિ અને ખેડૂત કલ્યાણ મંત્રી શિવરાજ સિંહ ચૌહાણે કહ્યું છે, કે ખાદ્ય સુરક્ષા સુનિશ્ચિત કરવી અને ખેડૂતોની આવક વધારવી એ સરકારની ટોચની પ્રાથમિકતા છે.

આજે રાસ્થાન જયપુરમાં આયોજિત પ્રાદેશિક કૃષિ પરિષદને સંબોધતા શ્રી ચૌહાણે કહ્યું કે કૃષિ ક્ષેત્રને મજબૂત બનાવવા નક્કર પ્રયાસો કરવામાં આવી રહ્યા છે. તેમણે ખેડૂતોને સશક્ત અને આત્મનિર્ભર બનાવવા કૃષિમાં વૈવિધ્યકરણની જરૂરીયાત પર પણ ભાર મૂક્યો.

## BYTE – SHIVRAJ CHAUAHAN

તેમણે રાજ્યોને મિશન મોડમાં ખેડૂત ID બનાવવા અપીલ કરી. આ એક દિવસીય પ્રાદેશિક કૃષિ પરિષદમાં કેટલાક રાજ્યોના કૃષિ મંત્રીઓ, વરિષ્ઠ અધિકારીઓ, ખેડૂત ઉત્પાદક સંગઠનોના પ્રતિનિધિઓ અને રાજસ્થાન, ગુજરાત, મહારાષ્ટ્ર, મધ્યપ્રદેશ અને ગોવાના પ્રગતિશીલ ખેડૂતો ભાગ લઈ રહ્યા છે.

**(PTC = TAPI = PRAVESH ADIACHA)-** ધ્વનિત

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો . આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલૉ કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

. . . . . . . . . . . . . .

# SC-SABARIMALA

સર્વોચ્ચ અદાલતની નવ ન્યાયાધીશોની બંધારણીય પીઠે આજે સબરીમાલા મંદિર સહિત ધાર્મિક સ્થળોએ મહિલાઓ સાથે થતા કથિત ભેદભાવ અને વિવિધ ધર્મોમાં ધાર્મિક સ્વતંત્રતાના અવકાશ સંબંધિત અરજીઓની સુનાવણી શરૂ કરી છે. ન્યાયમૂર્તિ સૂર્ય કાંતની અધ્યક્ષતાવાળી પીઠમાં ન્યાયાધીશ બી.વી. નાગરત્ના, એમ.એમ. સુંદરેશ, આર. મહાદેવન અને જોયમલ્યા બાગચી સહિતના ન્યાયાધીશોનો સમાવેશ થાય છે.

# MISRI-US-VISIT

વિદેશ સચિવ વિક્રમ મિસરી આવતીકાલથી અમેરિકાના વૉશિંગ્ટન ડી.સી.ની ત્રણ દિવસની મુલાકાતે જશે. દરમિયાન, તેઓ અમેરિકાના વહીવટીતંત્રના વરિષ્ઠ અધિકારીઓ સાથે વેપાર, સંરક્ષણ, વિજ્ઞાન અને ટેકનોલોજી, તેમજ પરસ્પર હિતના પ્રાદેશિક અને વૈશ્વિક વિકાસ સહિતના વિવિધ મુદ્દે પર ચર્ચા કરશે. વિદેશ મંત્રાલયે જણાવ્યું કે આ મુલાકાત બંને દેશ વચ્ચે દ્વિપક્ષીય સંબંધોની સમીક્ષા કરવાની અને મુખ્ય ક્ષેત્રોમાં સહયોગને આગળ વધારવાની તક પૂરી પાડશે.

# TEG BAHADUR-PRAKASH PARV

ઉપરાષ્ટ્રપતિ સી પી રાધાકૃષ્ણન, પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી અને કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે આજે શીખોના નવમા ગુરુ તેગ બહાદુરજીને તેમના પ્રકાશ પર્વ નિમિત્તે શ્રદ્ધાંજલિ અર્પણ કરી.

સોશિયલ મીડિયા સંદેશમાં, શ્રી રાધાકૃષ્ણને કહ્યું કે ગુરુ તેગ બહાદૂરનું જીવન હિંમત, બલિદાન અને સત્ય, માનવ ગૌરવ અને શ્રદ્ધાની સ્વતંત્રતા પ્રત્યે અતૂટ પ્રતિબદ્ધતાનું શાશ્વત પ્રતીક છે.

પ્રધાનમંત્રી શ્રી મોદીએ ગુરુ તેગ બહાદુરને દેશની સભ્યતાના એક મહાન આધ્યાત્મિક મહાનુભાવ ગણાવ્યા. સોશિયલ મીડિયા આદેશમાં શ્રી મોદીએ કહ્યું કે ગુરુ તેગ બહાદુરનો શાશ્વત સંદેશ લોકોને ન્યાયી, કરુણાપૂર્ણ અને સુમેળભર્યા સમાજનું નિર્માણ કરવામાં માર્ગદર્શન આપશે.

ગૃહમંત્રી અમિત શાહે કહ્યું, ગુરુ તેગ બહાદુરે ભારતીય સંસ્કૃતિ અને માનવતાના રક્ષણ માટે સર્વોચ્ચ બલિદાન આપ્યું હતું.

# IPL

IPL ક્રિકેટમાં આજે રાજસ્થાન રોયલ્સ અને મુંબઈ ઈન્ડિયન્સ વચ્ચે મુકાબલો થશે. આ મેચ અસામમાં ગુવાહાટીના બારસાપારા ક્રિકેટ સ્ટેડિયમ ખાતે સાંજે 7:30 વાગ્યે શરૂ થશે.

દરમિયાન ગઈકાલે કોલકાતાના ઈડન ગાર્ડન્સ ખાતે કોલકાતા નાઈટ
રાઈડર્સ અને પંજાબ કિંગ્સ વચ્ચે રમાયેલી મેચ વરસાદને કારણે રદ થઈ હતી. કોલકાતા નાઈટ રાઈડર્સે ટોસ જીતીને પહેલા બેટિંગ કરવાનો નિર્ણય કર્યો હતો. કોલકાતાએ 3 ઓવર અને 4 બોલમાં 2 વિકેટે 25 રન બનાવ્યા હતા. મેચ રદ થતાં બંને ટીમોને એક-એક પોઈન્ટ અપાયાં.